# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/ક્વા-૨/૧૯-૨૦/૭૨૨૮–૫** **તા.૦૧–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૩/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ભાલારા યોગેશભાઈ મનજીભાઈ** ગામ: **નિકાવા**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અમિતભાઈ ઝાલા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય**
**રજૂઆત કરનાર:** **કાર્યપાલક ઈજનેર શ્રી .એન.પી.શાહ પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય અને કે. એન. ધનવાણી – જે.ઈ.લેબ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય હાજર રહેલ છે.**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ભાલારા યોગેશભાઈ મનજીભાઈ ગામ -નિકાવા, તેઓની અરજીના નોંધણી નં: ૫૩/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, અરજદાર નુ નિયમીત વીજબીલ માહે મે–૧૯માં અચાનક ૧૫૪ યુનીટ નુ રૂ.૧,૮૩,૬૯૨/– નુ બીલ આપેલ – જેની સામે વાંધા અરજી આપતા પીજીવીસીએલ દ્વારા તા.૦૯–૦૮–૧૯ થી ચેકીંગ અંગેનુ બીલ છે, તેમ જણાવેલ – જેની અગાઉ કોઈપણ વિગતો આપેલ નથી. પીજીવીસીએલ દ્વારા અપાયેલ વિગતો મુજબ – મીટર માહે સપ્ટેમ્બર–૧૮ થી જ ૪૮.૨૮% ધીમુ ગણીને બીલ આપેલ છે. તેમજ એમ.આર.આઈ. અહેવાલ મુજબ – તા.૨૨–૦૨– ૧૯ થી વીજભાર ઓછા જોવા મળે છે. જેથી તા.૨૨–૦૨–૧૯ પછી ધીમુ થયેલ હોવા છતા માહે સપ્ટેમ્બર–૧૮ થી મીટર ધીમુ ગણીને વીજબીલ આપેલ છે, તે રદબાતલ કરવા અને તા.૨૨–૦૨–૧૯ થી બીલ રીવાઇઝ કરવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ફરીયાદી શ્રી યોગેશભાઇ મનજીભાઇ ભાલારા, ગામ : નિકાવા, તાઃ કાલાવડ, જીઃ જામનગર ખાતે ગાહક નંબર : ૬૧૦૩૧-૦૨૯૨૪-૯ ( LTMD 99 KW ) થી વીજજોડાણ ધરાવે છે.

૩.૧ સદર ગ્રાહકનુ વિજકનેકશન ગ્રામ્ય વિભાગીય કચેરીના નાયબ ઇજનેર(આઇ.સી.) શ્રી એસ.આર. વડનગરા તથા તેમની ટીમ દ્વારા તા. ૦૨.૦૩.૨૦૧૯ નાં રોજ ચેકીંગ કરવામાં આવેલ હતું. જેની ચેકીંગ શીટ નંબર ૧૬૩૨૩ થી ભરેલ છે. જે મુજબ ચેકીંગ સમયે સ્થળ ઉપર મીટરમાં R ફેઝ ની PT માં ૨૩૦ વોલ્ટની જગ્યાએ ૧૨.૦૭ વોલ્ટ નોંધાતા હતા. આથી સદર મીટરની એકયુરેસી ટેસ્ટ માટે એકયુચેક ટેસ્ટ લેતા સદર મીટર ૪૮.૨૮ % સ્લો માલુમ પડેલ.

૩.૨ ત્યાર બાદ સદર મીટરને તા. ૦૩.૦૩.૨૦૧૯ નાં રોજ નાયબ ઇજનેર નિકાવા પેટા વિભાગ દ્વારા બદલાવીને મીટરને પેપરપેક કરેલ હતુ અને ત્યાર બાદ તારીખ ૦૨.૦૪.૨૦૧૯ નાં રોજ સદર મીટરનુ જામનગર ગ્રામ્ય વિભાગીય કચેરીની મીટર લેબમાં ગ્રાહકના પ્રતિનીધીશ્રીની હાજરીમાં મીટર લેબ રોજકામ કરવામાં આવેલ હતુ. અને સદર મીટરનો ઉપરોક્ત MRI રીપોર્ટ પણ કાઢવામાં આવેલ છે. જે મુજબ સદર મીટરમાં R ફેઝની PT માં ત્રુટીજનક વોલ્ટેજ તા. ૨૯.૦૮.૨૦૧૮ થી મળવાનુ શરૂ થયુ હતુ જે મીટર બદલાવ્યા તારીખ ૦૩.૦૩.૨૦૧૯ સુધી ત્રુટી ચાલુ રહેલ હતી.

3.3 MRI રીપોર્ટની નકલમાં દર્શાવ્યાં મુજબ સદર મીટરની R ફેઝની PT માં ઓછા વોલ્ટેજ મળવાની ઘટનાની નોંધણી તા. ૨૯.૦૮.૨૦૧૯ નાં રોજથી થયેલ છે. જે મુજબ ૨૩૦ વોલ્ટેજને બદલે ૧૪૬.૦૪ વોલ્ટેજ નોંધાયેલ છે. અને ત્યાર બાદ સદર R ફેઝમાં તા. ૦૨.૦૩.૨૦૧૯ સુધી ૨૩૦ વોલ્ટેજને બદલે ૧૪.૪ વોલ્ટેજ મળતા હતા જે ખુબ જ ઓછા વોલ્ટેજ નોંધાયેલ છે. આમ પુરવણી બીલની ગણતરી માટે લેવામાં આવેલ છ માસનો સમયગાળો તાંત્રીક દ્રસ્ટીએ જસ્ટીફાય થાય છે. મીટર લેબોરેટરીનુ રોજકામ સી.નં. ૬૭ તા. ૦૨.૦૪.૨૦૧૯ ની શીટથી કરેલ છે, જેની નકલ રજુ કરેલ છે, મીટર લેબોરેટરી રોજકામમાં દર્શાવ્યા મુજબ મીટરના ટર્મીનલ કોન્ટેકથી સર્વીસ કેબલના છેડા સુધી કન્ટીન્યુટી ચેક કરતાં R ફેઇઝની કન્ટીન્યુટી મળતી નથી અને Yતથા B ફેઇઝની કન્ટીન્યુટી બરાબર મળે છે. ત્રણેય ફેઇઝ R.Y.B. ની CT ની કન્ટીન્યુટી બરાબર જોવા મળે છે. વાયરીંગ તપાસતા ત્રણેય ફેઇસનુ વાયરીંગ બરાબર છે. પરંતુ R ફેઇઝની PT મળતી ન હોવાથી વધુ તપાસ કરતાં અને બંને બાજુના છેડા તપાસતા R કેઇઝની PTના વાયર જે સર્વીસ સાઇડના કેબલ અને PT વાયરના કોન્ટેક પર ક્ષાર જોવા મળે છે તેમજ સ્પાર્ક થયા ના નિશાન જોવા મળે છે. આમ R ફેઇઝની PTમળતી ન હોવાથી મીટર ચેકીંગ સમયે ૪૮.૨૮ % સ્લો જણાયેલ છે. નાયબ ઇજનેર નિકાવા દ્વારા આપેલ પુરવણી બીલ યોગ્ય હોવાનુ જણાવતા તેમજ ઉપર મુજબ પુરાવાનો અભ્યાસ કરતા સદર ગ્રાહકને આપેલ પુરવણી બીલ કંપનીના નિયમ અનુસાર આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર યોગેશભાઇ મનજીભાઇ ભાલારા,ગામ : નિકાવા, તાઃ કાલાવડ, જીઃ જામનગર ખાતે ગાહક નંબર : ૬૧૦૩૧-૦૨૯૨૪-૯ ( LTMD 99 KW ) થી વીજજોડાણ ધરાવે છે. અરજદાર નુ સદર વીજજોડાણ તા.૦૨–૦૩–૧૯ ના રોજ ચેકીંગ શીટ નં.– જેઆરડી–૧૬૩૨૩, અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં – મીટર ના એમ.એમ.બી. સીલ યથાવત રાખી – મીટર સીરીયલ નંબર– પીજી૧૧૮૫૮૩ મીટર નો એકયુચેક ટેસ્ટલેતા – ૪૮.૨૮% એરર આવેલ છે. જેમાં આરફેઇઝ પીટીમાં ૧૨.૭ વોલ્ટ બતાવે છે. તેમજ, સદર શીટ મુજબ – કુલ ૮૯**KW** વીજભાર જોડેલ છે, અને હાલના રીડીંગ ૪૭૦૦૨ **KWH** છે. ઉપરોકત પેરા નં.૪.૧ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૩–૦૩–૧૯ ના રોજ સદર મીટર ના એમ.એમ.બી. સહીત – પેપરપેક અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં કરેલ છે. તેમજ, ઈન્સ્ટન્ટ વોલ્ટેજ માપતા – **R** ફેઇઝ મા ૨૧૭ **V, Y** ફેઇઝ મા ૨૧૦ **V, B** ફેઇઝ મા ૨૧૫ **V** નોંઘ કરેલ છે.

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ – તા.૨૨–૦૨–૧૯ પછી વોલ્ટેજ ઘટયા છે,જેથી તા.૨૨–૦૨–૧૯ પછી ધીમુ થયેલ હોવા છતા માહે સપ્ટેમ્બર–૧૮ થી મીટર ધીમુ ગણીને વીજબીલ આપેલ છે, તે રદબાતલ કરવા અને તા.૨૨–૦૨–૧૯ થી બીલ રીવાઇઝ કરવા રજુઆત કરેલ છે, જયારે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર બાબતે એમ.આર.આઈ. અહેવાલ મુજબ – R ફેઝની PT માં ઓછા વોલ્ટેજ મળવાની ઘટનાની નોંધણી તા. ૨૯.૦૮.૨૦૧૯ નાં રોજથી થયેલ છે. જે મુજબ ૨૩૦ વોલ્ટેજને બદલે ૧૪૬.૦૪ વોલ્ટેજ નોંધાયેલ છે. ત્યારબાદ સદર R ફેઝમાં તા.૦૨.૦૩.૨૦૧૯ સુધી ૨૩૦ વોલ્ટેજને બદલે ૧૪.૪ વોલ્ટેજ મળતા હતા જે ખુબ જ ઓછા વોલ્ટેજ નોંધાયેલ છે. આમ પુરવણી બીલની ગણતરી માટે લેવામાં આવેલ છ માસનો સમયગાળો ગણેલ છે.

૪.૩ અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – થયેલ વીજવપરાશ નીચે મુજબ છે.

| Month/ Year | 2016 | | | 2017 | | | 2018 | | | 2019 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| JAN | 67520 | | **3630** | 120236 | | **27026** | 156377 | | **17046** | 41385 | | **31555** |
| FEB | 73260 | | **5740** | 125616 | | **5380** | 158506 | | **2129** | 45072 | | **3687** |
| MAR | 76450 | | **3190** | 128759 | | **3143** | 159722 | | **1216** | 2605 | C | **4511** |
| APR | 80360 | | **3910** | 131989 | | **3230** | 175 | C | **6002** | 4885 | | **2280** |
| MAY | 87570 | | **7210** | 136978 | | **4989** | 6093 | | **5918** | 5400 | | **515** |
| JUN | 93210 | | **5640** | 139331 | | **2353** | 9830 | | **3737** | 6186 | | **786** |
| JUL | 96710 | | **3500** | 140767 | | **1436** | 15555 | | **5725** | 6340 | | **154** |
| AUG | 99420 | | **2710** | 142902 | | **2135** | 21482 | | **5927** | 8565 | | **2225** |
| SEP | 102850 | | **3430** | 146516 | | **3614** | 25512 | | **4030** | 12801 | | **4236** |
| OCT | 105660 | | **2810** | 149345 | | **2829** | 30464 | | **4952** | | | |
| NOV | 110090 | | **4430** | 151506 | | **2161** | 34110 | | **3646** | | | |
| DEC | 115640 | | **5550** | 153858 | | **2352** | 37780 | | **3670** | | | |
| **AVERAGE** | | | **4313** | | | **5054** | | | **5333** | | | **5550** |

સદર મીટર સીરીયલ નં. – પીજી૧૧૮૫૮૩ ના એમ.આર.આઈ. અહેવાલ ટેમ્પર્ડ રીપોર્ટ મુજબ આર ફેઇઝમાં **CURRENT WITHOUT VOLTS** ની ઈવેન્ટ નીચે મુજબ નોંધાયેલ છે.

| TYPE | OCCURANCE | RESET |
|---|---|---|
| Current without voltage - start on L1 | 17-06-18 9:52 | 17-06-18 16:34 |
| Current without voltage - start on L1 | 17-06-18 17:16 | 18-06-18 8:08 |
| Current without voltage - start on L1 | 18-06-18 9:09 | 19-06-18 8:23 |
| Current without voltage - start on L1 | 19-06-18 9:12 | 19-06-18 10:48 |
| Current without voltage - start on L1 | 19-06-18 10:55 | 20-06-18 8:04 |
| Current without voltage - start on L1 | 20-06-18 8:12 | 21-06-18 8:08 |
| Current without voltage - start on L1 | 21-06-18 8:12 | 07-07-18 20:01 |
| Current without voltage - start on L1 | 07-07-18 20:53 | **13-07-18 15:52** |
| Current without voltage - start on L1 | **17-07-18 18:48** | 19-07-18 10:42 |
| Current without voltage - start on L1 | 19-07-18 15:30 | 20-07-18 0:13 |
| Current without voltage - start on L1 | 21-07-18 11:42 | 30-07-18 4:34 |
| Current without voltage - start on L1 | 31-07-18 8:08 | 29-08-18 12:40 |
| Current without voltage - start on L1 | 29-08-18 15:14 | 02-04-19 12:42 |

૪.૪ સદર કેઈસ મા, સવાલવાળા મીટર ના લેબોરેટરી ચેકીંગ દરમ્યાન – આર.ફેઇઝ ની પીટી ની કન્ટીન્યુટી મળતી નથી. મીટર નો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે, તે મુજબ – કંપની ના નિયમ મુજબની કાર્યવાહી કરવી. જે અન્વયે – સદર મીટર ના તા.૦૨–૦૩–૧૯ દરમ્યાન તપાસણી મુજબ – ૪૮.૨૮% મીટર ધીમુ ફરતુ હોય – ઉપરોક્ત પેરા નં–૪.૩ મુજબ – મીટર મા નોંધાયેલ ટેમ્પર્ડ પેરામીટર પ્રમાણે – સદર મીટર તા.૧૭–૦૬–૧૮ થી Current without voltage - start on L1 ની નોંધ તા.૦૨–૦૪–૧૯ સુધી નોંધાયેલ છે. સદર સંજોગોમાં અરજદારના સદર મીટરની ચકાસણી દરમ્યાન તેની ગતિ મર્યાદામાં ઉદ્દભવેલ ક્ષતિના કારણોસર મીટરની એક્યુરેસી ટેસ્ટ મુજબ પ્રાપ્ત થયેલ મીટરની વિગતને ધ્યાને લઈ Supply Code Regulation કલમ ૬.33 મુજબ જ લેબ રીપોર્ટ મુજબ વિવાદીત મીટર – ૪૮.૨૮% ઓછી એનર્જી રેકોર્ડ કરે છે. જેથી, ૦૬ માસ ની મુદત પ્રમાણે પુરવણી બીલ બનાવેલ જે કંપની ના નિયમાધીન યોગ્ય છે. જે અરજદારે ભરપાઈ કરવાનુ રહેશે. ઉપસ્થિત સંજોગોના અનુસંધાને પુરવણી બીલની રકમ આ ઓર્ડરની તારીખથી ૦૪(ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તામાં ભરપાઈ કરવાની અરજદારને સુવિધા આપવામાં આવે છે. ઉક્ત સમયમર્યાદા સૂધી વિવાદિત બીલની રકમમાં વિલંબિત ચાર્જ લાગુ પડશે નહિ. અન્યથા નિયમ મુજબ વિલંબિત ચાર્જ લાગુ પડશે.

૪.૫ ઉપરોક્ત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે નો હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯